## બીબીએ એજ્યુકેશનનું મહત્ત્વ વધારવા માટે કન્વર્જન્સનું આયોજન



જેજી ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અભ્યાસક્રમના મહત્ત્વ અંગે કદમ ઉઠાવ્યું છે જેના દ્વારા બી.બી.એ. કરિક્યુલમ ના તમામ ડિરેક્ટર્સ, ફેકલ્ટી મેમ્બર્સ અને એડમિનિસ્ટ્રેટિવ ટીમને સિંગલ પ્લેટફોર્મ પર લાવવામાં આવશે.

એશિયા ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેનશ્રી, જ્હોન જીવર્ગીસે જણાવ્યું હતું, 'આ પ્રથમ એવી આ શીર્ષક હેઠળની ઈવેન્ટ ૨૬ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ વાયએમસીએ ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે ૫ વાગ્યાથી યોજાઈ છે. આ પ્રસંગ અને કન્વર્જન્સને યોગ્ય હેતુ આપવા માટે 'મેઝર્સ ટુ એન્હેન્સ સિગ્નિફિકન્સ ઓફ બી.બી.એ. કરિક્યુલમ એમંગ્સ્ટ પેરેન્ટ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ' સિમ્પોઝીયમનું આયોજન કરાઈ છે . સંસ્થાઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તેમના વિચારો સિમ્પોઝિયમમાં રજૂ કરવા માટે આમંત્રિત કરાઈ છે. બેસ્ટ પ્રેઝન્ટેશનને 'બેસ્ટ પ્રેઝન્ટેશનઃ કન્વર્જન્સ ૨૦૧૮' એવોર્ડથી નવાજવામાં આવશે. અન્ય તમામ પાર્ટીસિપન્ટને સર્ટિફિકેટ આપવામાં આવશે. આ ઈવેન્ટના મુખ્ય અતિથિ તરીકે અદાણી ફાઉન્ડેશના અધ્યક્ષા શ્રીમતી ડો. પ્રીતિ અદાણી છે. જ્યારે બી. કે. સ્કૂલ ઓફ પ્રોફેશનલ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝના ડિરેક્ટર ડો. પ્રતીક કંચનને અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે'

આ વાર્ષિક એકેડેમિક ઈવેન્ટ 'કન્વર્જન્સ' પરસ્પર નજીક આવવા માટે નોંધપાત્ર છે. કન્વર્જન્સનો હેતુ તમામ ડિરેક્ટર્સ, ઈનચાર્જ ડિરેક્ટર્સ, ફેકલ્ટી મેમ્બર્સ ફુલટાઈમ અને વિઝીટીંગ બંને છે તેમને તેમજ એડમિનિસ્ટ્રેટિવ અને સપોર્ટ સ્ટાફને એકબીજા સાથે ચર્ચાનો અને મળવા માટે પ્લેટફોર્મ આપવાનો છે. આ સમુદાયમાં એક ગાઢ સંબંધ બને તે બી.બી.એ. કરિક્યુલમ માટે આવકારદાયક છે જે કન્વર્જન્સ દ્વારા સ્થાપિત થશે. શ્રી જ્હોન જીવર્ગીઝને પણ અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે.(૧૯-૮)

## યસ બેંક MSMEs પર કેન્દ્રિત 'વ્યાપાર એક્સપ્રેસ' ઈવેન્ટ લોંચ કરશે

**વડોદરા,** ભારતમાં ખાનગી ક્ષેત્રની ચોથી સૌથી મોટી બેંક યસ બેંકએ મકરપુરા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રિઅલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ચેરિટેબલ એસોસિએશન સાથે જોડાણમાં વડોદરામાં મકરપુરા, જીઆઈડીસીમાં એની પ્રથમ 'વ્યાપાર એક્સપ્રેસ' – એમએસએમઈ કાર્નિવલ લોંચ કરવાની જાહેરાત કરી હતી, જે બેંકની એમએસએમઈ માટે સક્ષમ વાતાવરણ ઊભું કરવાની કટિબદ્ધતાને અનુરૂપ છે. આ પ્રકારની અન્ય ૧૨ શ્રેણીબદ્ધ ઈવેન્ટનું દેશભરમાં આયોજન થશે, જેમાં આ પ્રથમ ઈવેન્ટ હશે.

યસ બેંકે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઓળખ કરેલા ૧૩ બજારો માટે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં દેશભરમાં ૧૦,૦૦૦થી વધારે એમએસએમઈ સાથે ચર્ચા કરીને આ પ્રકારનાં ૩૦ ક્લસ્ટર્સને આવરી લેવાની યોજના બનાવી છે.

યસ બેંકનાં ગ્રૂપ પ્રેસિડન્ટ તથા રુરલ બેંકિંગ અને સ્મોલ મીડિયા એન્ટરપ્રાઈઝ બેંકિંગનાં ગ્રૂપ હેડ સુમિત ગુપ્તાએ કહ્યું હતું કે, "એમએસએમઈ ભારતીય અર્થતંત્રનો આધાર છે અને યસ બેંક તેમની વૃદ્ધિને વેગ આપવા કટિબદ્ધ છે. આ રીતે એમએસએમઈ કાર્નિવલ મારફતે બેંક વિવિધ ક્લસ્ટર્સમાં એમએસએમઈ ગ્રાહકોની વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા ક્લસ્ટર આધારિત અભિગમ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી ગ્રાહકને સેવા આપવા પહોંચ અને ક્ષમતામાં વધારો થયો છે."(૧)

## "કાંચી બહુ ઓછી એવોર્ડ શોમાં આવે છે!" કહે છે, શબ્બિર આહ્લુવાલિયા




૨૬ વર્ષથી અને હજી પણ ઝી ટીવીએ દર્શકોની સાથે તેની અજોડ કન્ટેન્ટ, યાદગાર વાર્તા, સંબંધિત પાત્રો દ્વારા દર્શકોનું મનોરંજ કરી રહ્યું છે. આ વખતે, ઝી ટીવી એક ખરેખર જીવનની જોડી પ્રિયા સિંઘ અને સન્ની કક્કડના લગ્ન તેના પ્રસિદ્ધ વાર્ષિક સમારંભ- ઝી રિશ્તે એવોર્ડમાં કરવાનની વધુ એક ઈતિહાસ સર્જવા જઈ રહ્યું છે. તો, ઘણા સમયથી રાહ જોવાતી આ વિધી આ રવિવાર, ૨૮મી ઓક્ટોબર, સાંજે ૭ વાગ્યે ફક્ત ઝી ટીવી પર પ્રસારિત થશે!

વર્ષોથી શબ્બિર આહ્લુવાલિયાએ દર્શકોના દિલમાં એક અલગ જ સ્થાન બનાવી લીધું છે અને વર્ષ પ્રતિવર્ષ તેના ઝી ટીવીના અત્યંત પ્રસિધ્ધ શો કુમકુમ ભાગ્યના અભિષેક પ્રેમ મેહરા ઉર્ફે અભીના પાત્રથી પ્રસિદ્ધીના શિખર ચડી રહ્યો છે. છેલ્લા ૪ વર્ષથી, આ પ્રાઈમટાઈમ શોએ રેટિંગની રીતે જ નહીં, પરંતુ તેના સંબંધિત પાત્રો અને આકર્ષક વાર્તાથી નવો બેન્ચમાર્ક સેટ કર્યો છે. દરવર્ષે દર્શકો ઝી રિશ્તે એવોર્ડના તેના પસંદગીના સિતારાઓ અને શો માટે વોટ કરે છે અને બંને શબ્બિર તથા કુમકુમ ભાગ્ય વર્ષોના વર્ષો સુધી વધઉને વધુ એવોર્ડ મેળવીને આગળ રહે છે. આ વર્ષે, શબ્બિરની સાથે કંઈ જ અલગ નથી, તેને 'ફેવરિટ બેટા'ની ટ્રોફી મેળવી છે. તે અંગે જણાવતા શબ્બિર કહે છે, "હું કુમકુમ ભાગ્યની સમગ્ર ટીમ, ઝી ટીવી અને મારા ભરોસાપાત્ર દર્શકોનો આભારી છું, કે તેમના લીધે મને આ એવોર્ડ મળ્યો છે. મારી પત્નિ કાંચી કૌલ, એવોર્ડ ફંકશનમાં મારી સાથે બહુ ઓછી જોવા મળે છે અને આજે, તેની હાજરીએ પૂરવાર કરી દીધું છે કે, તે મારા માટે નસીબદાર છે. તેથી હું, આ એવોર્ડ તેને અને મારા બાળકો અઝાય અને ઈવારને સમર્પિત કરું છું, જેઓ હંમેશા મારી તાકાત અને સહકાર બનીને ઉભા છે."(૧૯-૮)

# સીબીઆઈના ચીફને દૂર કરવાથી મોદીને ફાયદો નહીં થાય : રાહુલ

**નવીદિલ્હી,** સીબીઆઈમાં આંતરિક લડાઈને લઈને વિવાદ હવે વધુ ગંભીર બની ગયો છે. રાજકીય જંગ પણ જોવા મળી રહ્યો છે. સીબીઆઈના ડિરેક્ટર આલોક વર્માને રજા ઉપર મોકલી દેવા અને તેમની પાસેથી અધિકારો લઈ લેવાની કેન્દ્ર સરકારની હિલચાલ સામેના વિરોધમાં કોંગ્રેસ પાર્ટી અને અન્ય રાજકીય પક્ષોએ આજે દેશભરમાં દેખાવો કર્યા હતા. કોંગ્રેસે આ વિવાદને રાફેલ ડિલ સાથે જોડીને દેશભરમાં સીબીઆઈ



ઓફિસ ઉપર હલ્લાબોલ કાર્યક્રમ યોજ્યો હતો. દિલ્હીમાં રાહુલ ગાંધીએ પોતે મોરચા સંભાળ્યા હતા. રાહુલ કોંગ્રેસી નેતાઓની સાથે માર્ચ કરતા સીબીઆઈ હેડક્વાર્ટર સુધી પહોંચ્યા હતા અને દેખાવો કર્યા હતા. પોલીસે રાહુલ અને બીજા વિપક્ષી નેતાઓને કસ્ટડીમાં લીધા હતા પરંતુ લોધી રોડ પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યા બાદ તેમને છોડી મુકવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન રાહુલ ગાંધીએ મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. રાફેલ ડિલમાં અંબાણીને લાભ પહોંચાડવાનો આક્ષેપ કર્યો હતો. લોધી કોલોની પોલીસ સ્ટેશનની બહાર આવ્યા બાદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પીએમ ભાગી શકે છે, સંતાઈ શકે છે પરંતુ છેલ્લે વાસ્તવિકતા સપાટી ઉપર આવી જશે. સીબીઆઈ વડાને દૂર કરવાથી કોઈ ફાયદા થશે નહીં. વડાપ્રધાને સીબીઆઈ વડાની સામે પગલા લીધા છે પરંતુ ઉતાવળમાં કાર્યવાહી કરવામાં આવી છે. રાહુલે એમ પણ કહ્યું હતં કે, ચોકીદારને કોંગ્રેસ પાર્ટી ચોરી કરવા દેશે નહીં. રાહુલે કહ્યું હતં કે, રાફેલ સોદાની તપાસથી બચવા માટે રાતોરાત સીબીઆઈ ડિરેક્ટરને બદલી દેવામાં આવ્યા છે.

રાહુલે એમપણ કહ્યું હતં કે, દેશની દરેક સંસ્થા ઉપર મોદી પ્રહાર કરી રહ્યા છે. મોદીએ અંબાણીના ખિસામાં પૈસા નાંખ્યા છે. આલોક વર્માની ફેર નિમણૂંકની માંગ કરતા મોદીએ આ મુદ્દા પર માંગવી જોઈએ તેવી વાત કરી હતી. દિલ્હીમાં રાહુલ ગાંધીના નેતૃત્વમાં સીબીઆઈ હેડક્વાર્ટર ઉપર દેખાવો કરવામાં આવ્યા હતા. ઉપરાંત ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, હરિયાણા સહિત જુદી જુદી જગ્યા પર સીબીઆઈ ઓફિસ ઉપર દેખાવો કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીના પ્રદર્શનને અન્ય પાર્ટીઓએ પણ સાથ આપ્યો હતો. ટીએમસી અને સીપીઆઈના નેતા પણ જોડાયા હતા. રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટીના લોકોએ દયાલસિંહ કોલેજથી માર્ચની શરૂઆત કરી હતી. સીબીઆઈની ઓફિસ તરફ દોરી જતા રસ્તાને પોલીસે બંધ કરી દીધો હતો. રાહુલની સાથે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગહેલોત, આનંદ શર્મા, અહેમદ પટેલ, ભુપેન્દ્ર હુડા, ટીએમસી સાંસદ, શરદ યાદવ, સીપીઆઈના નેતા ડી રાજા પણ હતા. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસના પ્રદર્શનનું નેતૃત્વ રાજ બબ્બરે કર્યું હતું. કોંગ્રેસે મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિત દેશના અન્ય ભાગોમાં પણ સીબીઆઈ ઓફિસ ઉપર દેખાવો કર્યા હતા.

## મહિલાઓના પ્રવેશના મુદ્દા પર આગળ આવનાર રેહાનાની બીએસએનએલએ કરી બદલી



**કોચી,** કેરળના સબરીમાલામાં ભગવાન અયપ્પાના મંદિરમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરનાર બીએસએનએલની કર્મચારી રેહાના ફાતિમાની ટ્રાન્સફર કોચીના પલારીવત્તોમ ટેલિફોન એક્સચેંજમાં કરવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સ્થાનિય બોટ જેટીની ગ્રાહક સુવિધામાં ટેકનિશિયન તરીકે કામ કરનાર ફાતિમાને મંગળવારે પલારીવત્તોમ ટેલિફોન એક્સચેંજમાં સ્થાનાંતરિત કરાઈ છે. આ એક્સચેંજમાં તેને જનસંપર્કનું કામ નહીં કરવાનું હોય. જો કે સૂત્રોએ જણાવ્યું છે કે ફાતિમાએ પોતાની કામગીરીમાં કોઈ બેદરકારી નથી દાખવી.

સબરીમાલા કર્મ સમિતિએ મંગળવારે પલારીવત્તોમના બીએસએનએલ ઓફિસ સુધી વિરોધ માર્ચ કરી ફાતિમાને કાઢી મૂકવાની માંગ કરી હતી. કેરળ મુસ્લિમ જમાત કાઉન્સિલે 'લાખો હિન્દૂ શ્રદ્ધાળુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડવાને' લઈને ફાતિમાને મુસ્લિમ સમાજમાંથી કાઢી મૂકી હતી. રેહાના કેરળની મહિલાઓના અધિકારો માટે હંમેશાં આગળ રહી છે. કેરળના એક પ્રોફેસરે પોતાના વિદ્યાર્થીઓના શરીરના અંગોને તરબૂચની જેમ જણાવ્યા હતા. તેના પછી સોશિયલ મીડિયા પર ઘણી મહિલાઓએ તરબૂચ સાથે ફોટો પોસ્ટ કર્યો હતો. અમુક મહિલાઓએ તરબૂચ સાથે ટોપલેસ ફોટો શેર કર્યો હતો.

તેની શરૂઆત રેહાના ફાતિમાએ કરી હતી. રેહાના એક મોડેલ, એક્ટીવિસ્ટ છે. ૩૧ વર્ષીય રેહાના સરકારી નોકરી કરે છે અને તેના બે બાળકો પણ છે.

## ૨૦૧૪ બાદ ૨૦૧૭-૧૮માં ૭૩ ટકા જેટલા રેલ્વે અકસ્માતોની સંખ્યા ઘટી

**ન્યુ દિલ્હી,** નરેન્દ્ર મોદી સરકાર અંતર્ગત ભારતીય રેલવેની ટૉપ પ્રાયોરિટી જ સુરક્ષા અને તકલીફ વિનાનું ટ્રાવેલ ઉપલબ્ધ કરાવવું છે. ૨૦૧૪થી થયેલ ભારે અકસ્માતો બાદ વર્ષ ૨૦૧૭-૧૮માં ૭૩ ટકા જેટલા રેલવે અકસ્માતોની સંખ્યા ઘટી છે. વર્ષ ૨૦૧૩-૧૪માં કુલ ૧૧૮ જેટલા અકસ્માતો થયાં હતાં જે વર્ષ ૨૦૧૭-૧૮માં ૬૨ ટકા ઘટ્યા હતા. વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ૭૩ રેલવે અકસ્માતો થયા હતા. ઉપરાંત ટ્રેકના સમારકામ અને રિપ્લેસમેન્ટ પાછળ પણ સરકારે ખાસ્સો એવો ખર્ચ કર્યો છે. ૨૦૧૩-૧૪માં ૨૯૨૬ કિમીના ટ્રેક સમારકામ અને રિપ્લેસમેન્ટ કરવામાં આવ્યા હતા જે ૫૦ ટકા વધીને ૨૦૧૭-૧૮માં ૪૪૦૫ કિમીના થઈ ગયા.

આ ઉપરાંત રેલવેએ ૧૪ પ્રમુખ ટ્રેનોના રનિં ટાઈમને પણ ઘટાડી દીધો, જેમાં રાષ્ટ્રીય રાજધાનીથી હાવડા-પટના અને દિલ્હી-અમૃતસર શતાબ્દી સહિત રાજધાની એક્સપ્રેસ ટ્રેનો પણ સામેલ છે, આમાંથી મોટાભાગની ટ્રેનો ભાડી વાળા રૂટ પર ચાલે છે. ઓક્ટોબર ૨૦૧૬માં રાજધાની ટ્રેનો અને શતાબ્દી ટ્રેનો સહિત કુલ ૩૫૦ મેલ-એક્સપ્રેસ અને ૭૪ સુપરફાસ્ટ ટ્રેન નિર્ધારિત સમયથી ૫-૨૫ સમય પહેલા સ્ટેશને પહોંચી જતી હતી. જણાવી દઈએ કે આ વર્ષે રેલવેએ પોતાના અખિલ ભારતીય રેલવે સમયપત્રકને ૧૫મી ઓગસ્ટ ૨૦૧૮થી જાહેર કર્યું હતું. જેને ટ્રેન એટ અ ગ્લેન્સ નામ આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત રેલવેના તમામ ૧૭ જોનલનું પણ પોતાના ટાઈમ ટેબલ જાહેર કર્યું છે. જેમાં પાંચ તમામ જોનલ ટાઈમ છે જેમાં ૩-૪ ક્ષેત્રીય રેલવે જોન સામેલ છે. વર્ષ ૨૦૧૭-૧૮માં ૯૦ નવી રેલવે સેવાઓની શરૂઆત કરવામાં આવી, જયારે ૪૩ સેવાઓની સંખ્યા વધારી દેવામાં આવી ૯ સેવાઓની ફ્રીક્વન્સી પણ વધારી દેવામાં આવી. ચાલુ વર્ષે ૧૫મી ઓગસ્ટ ૨૦૧૮ સુધી, ૩૫ સેવાઓની પહેલે જ રજૂ કરવામાં આવી છે, જ્યારે ૨૮ ટ્રેનની સંખ્યા વધારી દેવામાં આવી છે અને ૫ ટ્રેનોની ફ્રીક્વેન્સીમાં વધારો કરવામાં આવ્યો છે.

### સુપ્રીમના ચુકાદાનું જેટલી દ્વારા સ્વાગત

## સીવીસી તપાસમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે

**નવીદિલ્હી,** કેન્દ્રીય તપાસ બ્યુરો સીબીઆઈમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણ વચ્ચે મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે અને સુપ્રીમ કોર્ટે આજે આ સંદર્ભમાં પોતાનો ફેંસલો પણ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના ફેંસલાનું સ્વાગત કરતા નાણામંત્રી અરુણ જેટલીએ આને રચનાત્મક નિર્ણય તરીકે ગણાવીને પ્રશંસા કરી હતી. નાણામંત્રીએ કહ્યું હતું કે, જે સંસ્થા પર ભ્રષ્ટાચારની તપાસની જવાબદારી છે તેના જ બે ટોચના અધિકારીઓ ઉપર આક્ષેપ થઈ રહ્યા છે.

જેટલીએ આલોક વર્મા અને રાકેશ અસ્થાનાને રજા પર મોકલી દેવાના નિર્ણયનું સ્વાગત કર્યું હતુ. જેટલીએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસની દેખરેખમાં થનારી સીવીસી તપાસથી તમામ વિગતો સામે આવી જશે. જેટલીએ સીબીઆઈ વિવાદના સંદર્ભમાં સ્પષ્ટતા કરી હતી કે, કેન્દ્ર સરકાર કોઈ ખાસ વ્યક્તિ સાથે કોઈ લેવા દેવા ધરાવતી નથી. સુપ્રીમ કોર્ટે આજે બે સપ્તાહમાં તપાસ કરવાનો આદેશ કર્યો હતો. નાણામંત્રીએ સુપ્રીમ કોર્ટના આદેશ પર ટિપ્પણી કરતા કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા જે આદેશ અપાયો છે તે ખુબ જ સકારાત્મક છે. તેમણે કહ્યું હતું કે, આમા વિવાદો રહેલા છે. એક જ કેસમાં એજન્સીના નિર્દેશકના મત અને ખાસ નિર્દેશકના જુદા મત છે. જ્યારે તપાસ કરનાર સંસ્થા ઉપર જ આક્ષેપ થાય છે ત્યારે તેમાં તપાસ ઉપયોગી થઈ જાય છે. સીવીસીની સામે સીબીઆઈ એકાઉન્ટેબલ છે. આના ઉપર સીવીસીએ ચુકાદો આપ્યો હતો કે, અધિકારીઓને રજા ઉપર મોકલી દેવા જોઈએ જેને કેન્દ્ર સરકારે સ્વીકારી લીધો છે. પારદર્શિતા જાળવવા માટે આ નિર્ણય ખુબ મહત્વપૂર્ણ હતો. સુપ્રીમ કોર્ટે જે મોટી ચીજો જોડી છે તે ખુબ ઉપયોગી છે. સુપ્રીમ કોર્ટે બે સપ્તાહમાં તપાસ પૂર્ણ કરવાનું કહેવા અને નિવૃત્ત જસ્ટિસની દેખરેખમાં આદેશ ખુબ મહત્વપૂર્ણ છે. આનાથી તપાસને મજબૂતી મળશે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, અમારી સરકાર પ્રોફેશનાલિઝમ અને બંધારણીય અખંડતાને જાળવી રાખવા માટે કામ કરી રહી છે. સીવીસી તપાસમાં તમામ વિગત સપાટી ઉપર આવી જશે. દેશમાં આ પ્રકારની બાબતોને ચલાવી લેવાય નહીં. ભ્રષ્ટાચારમાં તપાસ કરનાર બે અધિકારી ઉપર આંગળી ઉઠે તે યોગ્ય નથી.

### તમામ રાજ્યોના મુખ્યમંત્રીથી આગળ નિકળ્યા

## યોગી આદિત્યનાથ ગુગલ ટ્રેન્ડમાં નંબર વન ક્રમ પર

**લખનૌ,** ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની લોકપ્રિયતા દિનપ્રતિદિન વધી રહી છે. ગુગલ ટ્રેન્ડર્સના કહેવા મુજબ યોગી આદિત્યનાથ સમગ્ર દેશમાં પૂર્વ અને વર્તમાન મુખ્યમંત્રીઓમાં સૌથી વધારે સર્ચ કરવામાં આવતા નેતા તરીકે છે. છેલ્લા એક વર્ષથી નંબર વન પોઝિશન ઉપર છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીને સ્ટાર પ્રચારક તરીકે ચૂંટણીવાળા રાજ્યોમાં પસંદ કરવામાં આવ્યા છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીમાં યોગી આદિત્યનાથ સ્ટાર પ્રચારક તરીકે રહેશે. કર્ણાટક, હિમાચલ, ગોવા, ત્રિપુરામાં યોગીની લોકપ્રિયતા ભાજપના ભગવા હેઠળ ઉભરી હતી. ગોરખનાથ મંદિરના મુખ્ય પુજારી યોગી આદિત્યનાથ તમામ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓથી લોકપ્રિયતા મામલામાં ખુબ આગળ છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકરને પણ યોગી પાછળ છોડી ચુક્યા છે. ૭૦ ટકાથી વધારે વખત સર્ચ યોગી ગયા છે. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, આગામી દિવસોમાં તેમની લોકપ્રિયતામાં વધુ વધારો થઈ શકે છે. યોગી આદિત્યનાથ ઉત્તરપ્રદેશના બે ક્ષત્રિય દિગ્ગજ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી કરતા પણ આગળ દેખાઈ રહ્યા છે. માયાવતી પોતે સોશિયલ મિડિયાથી દૂર રહેછે પરંતુ તેમના સમર્થક સોશિયલ મિડિયા પર પ્રચાર લોંચ કરીને તેમની લોકપ્રિયતાનો લાભ લેવાના પ્રયાસ કરે છે. અખિલેશ યાદવ સોશિયલ મિડિયા ઉપર ખુબ જ વધારે સક્રિય છે. તમામ મુદ્દાઓ ઉપર પોતાના અભિપ્રાય આપતા રહે છે. ઉત્તરપ્રદેશમાં ભાજપના પ્રવક્તા ચંદ્રમોહન કહે છે કે, યોગી આદિત્યનાથની લોકપ્રિયતા તેમની કાર્યકુશળતાના કારણે થયેલી છે. તેઓ કહે છે કે, તેમની લોકપ્રિયતા માત્ર ઉત્તર પૂર્વીય રાજ્યોમાં જ નહીં બલ્કે કેરળ જેવા દક્ષિણી જેવા રાજ્યોમાં પણ રહેલી છે. યોગી આદિત્યનાથ પાંચ રાજ્યોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં પણ સૌથી વધારે પ્રચાર કરનાર છે. તેમની રેલીઓને લઈને આયોજન કરવામાં આવી રહ્યા છે. નવેમ્બર મહિનાથી યોગી ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાદ યોગી આદિત્યનાથ દેશમાં બીજા સૌથી રૂઢિવાદી હિન્દુ નેતા તરીકેની છાપ ધરાવે છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આગામી દિવસોમાં ખુબ વ્યસ્ત કાર્યક્રમ ધરાવે છે.



**મુંબઈ એરપોર્ટ પર કલાકારોની આવન જાવન ચાલતી જ રહે છે. એરપોર્ટ પર આમિર ખાન અને સુષ્મિતા સેન સ્પૉટ થઈ હતી. બોલીવુડના સુપરસ્ટાર આમિર ખાન પણ એરપોર્ટ પર જોવા મળ્યો હતો. આમિર ખાનનો એરપોર્ટ લુક ખુબજ જામતો હતો. કેજ્યુઅલ વેરમાં આમિરખાન જામતો હતો. આમિર ખાન કમ્ફર્ટની સાથે સાથે સ્ટાઈલીશ પણ લાગતો હતો.**

## દુષ્કર્મ કેસ આરોપીની સંપત્તિ વેચીને પીડિતાને પૈસા આપવામાં આવશે

**ચંદીગઢ,** ચંદીગઢ હાઈકોર્ટે બળાત્કાર દોષી નિશાંત સિંહ અને તેની માતા નવજોત કૌર પર લગાવવામાં આવેલો ૯૦ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવા માટે તેમની સંપંત્તિ વેચવા જઈ રહી છે. આ નીલામી ફરીદકોટ જિલ્લા પ્રશાશન ૨૯ ઓક્ટોબરે કરશે. આપણે જણાવી દઈએ કે પંજાબ-હરિયાણા હાઈકોર્ટ ધ્વારા રેપ મામલે દોષી આ વ્યક્તિ પર ૯૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જિલ્લા પ્રશાશન અધિકારીઓ ધ્વારા જણાવવામાં આવ્યું કે નિશાંત અને તેની માતાની સંપત્તિનું મૂલ્યાંકન કરી લેવામાં આવ્યું છે.

તેમની પાસે ૩.૫ એકડ ખેતી જમીન છે જયારે ૧.૫ એકડ રહેઠાણ જમીન છે. તેને વેચીને પ્રશાશન પીડિતા અને તેના પરિવારને દંડની રકમ આપશે. ૩૧ ઓગસ્ટ ૨૦૧૮ દરમિયાન જસ્ટિસ એબી ચૌધરી અને જસ્ટિસ ઈંદ્રજિત સિંહ ની ડબલ બેન્ચે નિશાંત અને તેની માતા પર ૫૦ લાખ રૂપિયા રેપ પીડિતાને આપવા અને ૨૦-૨૦ લાખ રૂપિયા પીડિતાના માતા-પિતાને આપવા માટે જણાવવામાં આવ્યું. કોર્ટ ધ્વારા ફરીદકોટ જિલ્લા પ્રશાશનને આદેશ આપ્યો હતો કે આરોપીની સંપત્તિને જપ્ત કરીને પીડિતાને ભરપાઈ કરવામાં આવે.

**BLOOM DEKOR LIMITED**

**CIN:** L20210GJ1992PLC017341
**Regd. Off:** Block No 267 Village Oran, Tal: Prantij, Sabarkantha, North Gujarat – 383 205
Corp. Off: 2/F, Sumel, Sarkhej-Gandhinagar Highway Road, Opp. GNFC Info Tower, Thaltej, Ahmedabad – 380 059
**Tel:** +91 2770 – 250 110; **Fax:** +91 2770 – 250 101;
**E-mail:** redressal@bloomdekor.com;
**Tel:** +91 – 79 – 2684 1916/ 17/ 18;
**Fax:** + 91 – 79 – 2684 1914; **Web:** www.bloomdekor.com

**NOTICE OF BOARD MEETING**

NOTICE is hereby given that the meeting of the Board of Directors of the Bloom Dekor Limited is scheduled to be held on Monday, November 5, 2018 at 01.00 P.M. at the corporate office of the Company situated at 2/F, Sumel, S. G. Highway Road, Thaltej, Ahmedabad - 380 059, Gujarat, inter alia, to consider, approve & take on record the Unaudited Financial Result of the Company for the quarter and half year ended on September 30, 2018 as per Regulation 33 of the Listing Regulation.

Pursuant to Regulation 47 of the Listing Regulations, aforesaid notice may be accessed on the Company's Website at www.bloomdekor.com and may also be accessed at the website of the Stock Exchange i.e. BSE Limited at www.bseindia.com.

For, **Bloom Dekor Limited**
**Sd/-**
**Tushar Donda**
**Company Secretary**

**Date:** October 27, 2018
**Place:** Ahmedabad

**ARMAN HOLDINGS LIMITED**

Regd. Off.: 419, Rajhans Heights, Mini Bazar, Varachha Road, Surat– 395006.
Email ID : armanholdingsltd@gmail.com.
Website : www.armanholdings.in
CIN : L65993GJ1982PLC082961

**Notice**

Pursuant to Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015, Notice is hereby given that the meeting of the Board of Directors of Arman Holdings Limited is scheduled to be held on 2nd November, 2018 at 2.00 P.M. to consider and approve the Unaudited Financial Results for the Second quarter and Half Year ended on 30th September, 2018 and other matters as per the agenda at the Registered Office of the Company situated at 419, Rajhans Heights, Mini Bazar, Varachha Road, Surat -395006.

It is further informed that the Trading Window as described in "Code of conduct for Prohibition of Insider Trading ("the Code") adopted by the Company pursuant to the SEBI (Prohibition of Insider Trading) Regulations, 2015 will remain closed from 27th October, 2018 to 3rd November August, 2018 (both days inclusive) for the Promoters / Directors / Officers / Designated Employees of the Company ("the concerned persons"), for the aforesaid purpose of consideration of Unaudited results of the Company. The concerned persons are being intimated about the same.

For **Arman Holdings Limited**
Sd/-
**Vishal Wason**
Company Secretary

Place: Surat
Date: 27th October 2018